# 16

**મધ્ય ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગના કર્મચારીઓ**

*** 15/4/2274: શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઊર્જા પ્રભાગ હેઠળની મધ્ય ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંવર્ગવાર સંખ્યા કેટલી છે, | (૧) | ઊર્જા પ્રભાગ હેઠળની મધ્ય ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં જરૂરિયાત મુજબ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગથી સેવાઓ લેવામાં આવે છે. જેમાં સમયાંતરે વધારો–ઘટાડો થાય છે. |
| (૨) | ઉક્ત કર્મચારીઓને માસિક વેતન તરીકે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ચુકવવામાં આવી, અને | (૨) | ઉક્ત સ્થિતિએ એજન્સીઓને, વર્ષ ૨૦૨૨ માં કુલ રૂ. ૧૨,૪૪,૨૪,૪૫૧/– અને વર્ષ ૨૦૨૩ માં કુલ રૂ.૧૫,૯૦,૭૦,૦૫૨/–ની રકમ ચૂકવવામાં આવી. |
| (૩) | ઉક્ત જગ્યાઓ કાયમી ભરતી કરવાના બદલે ઉક્ત પદ્ધતિથી ભરતી કરવાના કારણો શા છે ? | (૩) | આઉટસોર્સિંગથી સેવાઓ લેવામાં આવે છે ભરતી કરવામાં આવતી નથી. |

----------